ISSN: 2319-202X

# જીભ અને દાંત - દોસ્તી કે દુશ્મની?

**રણછોડ શાહ**
અમેટી સ્કુલ,ભરૂચ

કુદરતની કરામત જ કાંઈ અલગ છે. ભગવાને આપણને જન્મ દ્વારા શરીરનાં વિવિધ અંગો આપવા માટે જુદો જુદો સમય નિર્ધારિત કર્યો. શરીરનાં અંગો આપી જિંદગી જીવવાની અને આપણી આસપાસના મનુષ્યોનાં સ્વભાવ અને વર્તનને ઓળખવા માટે ફિલસૂફી પણ સમજાવી છે. આ પ્રતીકરૂપ વાત આપણે મસજા તે પ્રમાણે જીવનમાં આવતી વ્યક્તિઓ સાથે વ્યવહાર કરીએ તો કદાચ જિંદગીને વધુ સારી રીતે ફળદાયી બનાવી શકીએ.

હશે તો કર્ણો, તો જગ સકલ સંગીત બનશે;
અમી આંખમાં જો, પથ્થર પટમાં પુષ્પ ખીલશે;
મીઠી કિન્તુ સાચી જીભ થકી ઘટે અંતર બધાં;
હશે હૈયું કૂણું, મલિન તનમાં મંદિર સદા.

-વાડીલાલ ડગલી

પ્રભુએ જન્મતાંની સાથે જીભ આપી પરંતુ ત્યારે જ દાંત ન આપ્યા. જો જન્મની સાથે જ જીભની સાથે જ દાંત આપ્યા હોત તો શું થાત? સ્તનપાન કરાવતી માતાનું જે વહાલ બાળક પામે છે તેનું કારણ જીભનું વહાલ છે, દાંત તો કરડવાનું જ કાર્ય કરે અને તો માતા માટે બાળકને મોટું કરવાનું અશક્ય બનત. એક માતા માટે સ્તનપાનની પ્રક્રિયા લગભગ અશક્ય બની હોત. આપણે વિચારીએ કે તો પછી બાળકની વૃદ્ધિ કેવી રીતે શક્ય બનત? દાંત હતા નહીં તેથી ઘન ખોરાક તો બાળકને આપી શક્યા  ન હોત અને બાળક કેવી રીતે મોટું થાત? તેથી જ તો બાળકોન જન્મ બાદના અમુક મહિનાઓ સુધી ઘન ખોરાક આપવાનો હોતો નથી. તેની શારીરિક વૃદ્ધિ તે માત્ર માતાના કે બાહ્યદૂધથી કરે છે.  જીભ અને દાંતના સ્વભાવને ધ્યાન અને બારીકાઈથી જોવા જેવો છે. જીભ પોતાને ન ફાવતો હોય તેવો ખોરાક આડોઅવળો ફેરવી ખાવાલાયક બનાવે છે. પોતાના અંગમાંથી વિવિધ રસો વહેવડાવી ખોરાકને પોચો બનાવે છે. ખોરાકને સ્વાદ આપે છે. આપણને સ્વાદની ઓળખ કરાવી ગમતા સ્વાદના માધ્યમથી આનંદ આપે છે. જીભના માધ્યમથી આપણે બોલીએ છીએ.

દાંતનો સ્વભાવ જ કાપવા-ચીરવાનો છે. તે ઘન ખોરાક ખાય કે તરત જ તેને કાપી નાંખે છે. તેના ટુકડે ટુકડા કરી નાંખે છે અને પોતાને અનુકૂળ હોય તેવા નાના

ISSN: 2319-202X

નાના ટુકડામાં તેને વિભાજીત કરી દે છે. જીભની જેમ જુદાજુદા રસ ભેળવી ખોરાકને પોચો કરવાને બદલે તે કાપવાનું કાર્ય કરે છે. આ રીતે જીભ મિત્ર જેવું કાર્ય કરે છે, જ્યારે દાંત શત્રુની જેમ ઘા કરવાનું જ કાર્ય નિભાવે છે. આપણા જીવનમાં આવતી વ્યક્તિઓને આપણે જીભ અને દાંતની જેમ બે વિભાગમાં વહેંચી શકીએ. કેટલીક વ્યક્તિઓ એવી છે જે જીભની જેમ આપણા જીવનને સમરસ બનાવે છે. પોતાના ભોગે આપણા જીવનને વધુ સારું બનાવે છે. તેની મહેંક ફેલાવી આપણને અનુકૂળ થવાનો પ્રયત્ન કરે છે. આપણી સાથે સારી ભાષામાં વાતચીત કરે છે. શક્ય હોય ત્યાં સુધી કડવાશ ટાળવાનો પ્રયત્ન કરે છે. આપણા જીવનને વધારે અર્થપૂર્ણ બનાવવા એવા જ શબ્દો ઉચ્ચારે છે કે જેથી મિત્રોની સંખ્યા વધે અને દુશ્મનોની ઘટે. આપણા વ્યક્તિત્વને વિકસાવવામાં આપણી ભાષા અગત્યનો ભાગ ભજવે છે જેથી જીભ એવા જ શબ્દો ઉચ્ચારે છે કે જેથી આપણું વ્યક્તિત્વ સમાજમાં એક આગવી છાપ ઊભી કરે. જીભ સમાજમાં આપણને ઓળખ અપાવે છે.

જીભલડી રે! તને હરિગુણ ગાતાં આવડું આળસ ક્યાંથી રે?
લવરી કરતાં નવરાઈ ન મળે, બોલી ઊઠે મુખમાંથી રે;
પર નિંદા કરવાને પૂરી, શૂરી ખટરસ ખાવા રે;
ઝઘડો કરવા ઝૂઝે વહેલી, કાપર હરિગુણ ગાવા રે!

- પ્રીતમ

જ્યારે દાંત તેના સ્વભાવ પ્રમાણે આપણને મિત્રો અને સ્વજનોથી જુદા પાડવાનું કાર્ય કરે છે. આપણા જીવનમાં પણ આવી વ્યક્તિઓ આવે છે જે આપણને અન્યોથી અળગા કરી દે છે. એકબીજા વચ્ચે સંવાદિતા વધારવાને બદલે એકબીજા વચ્ચે દુશ્મનાવટ વધારવાનું કાર્ય કરે છે. આવો વિઘ્નસંતોષી વ્યક્તિઓ આપણા જીવનને ખેદાનમેદાન કરી નાખે છે. લોકો આપણા તરફ નફરતાથી જુએ એવી પરિસ્થિતિ ઉભી કરે છે. આવી વ્યક્તિઓ અસંતોષી, ઈર્ષાખોર અને અભિમાની હોવાથી આપણને આપણા મિત્રો અને સ્વજનોથી અલગ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેનું પાયાનું કામ જ સંબંધોમાં ફાટફૂટ પડાવવાનું હોય છે. તે આપણા વ્યક્તિત્વને લૂણો લગાડે છે. જીભ નિરાભિમાની છે. તે દાંત જેવા અકડુ સ્વભાવની વ્યક્તિઓની વચ્ચે પોતે સંકોચાઈને પોતાનું કામ કઢાવી લે છે. આપણે પણ આવા અભિમાની અને સ્વાર્થી વ્યક્તિઓ વચ્ચે નમ્ર અને વિનયી બની જિંદગી જીવવી જોઈએ તેમ જીભ તેના ઉદાહરણ દ્વારા શીખવે છે. માટે તો જિંદગીમાં દાંત મોડા આવે છે અને વહેલા જાય છે. જ્યારે જીભ જન્મથી આપણી સાથે આવે છે અને મૃત્યુ સુધી

આપણી સાથે રહે છે. આપણે પણ જો જીભની જેમ નમ્ર અને વિવેકી હોઈએ તો સૌના થઈ શકીએ પરંતુ જો દાંતની જેમ કાપાકૂપીના સ્વભાવવાળા હોઈએ તો સમાજમાંથી ફેંકાઈ જઈએ. જીભ દેખાતી નથી પરંતુ દાંત જોઈ શકાય છે. તેમ અભિમાની વ્યક્તિનું અભિમાનને આપણે જોઈ શકીએ છીએ. નમ્ર માણસ પોતાની નમ્રતાનો દેખાડો કરતો નથી. આપણે જીભ અને દાંતના ઉદાહરણ દ્વારા આપણા રોજબરોજના વ્યવહારનું આયોજન કરી શકીએ.

જીભનો સ્વભાવ જ શરૂઆતથી સહન કરવાનો હોય છે. જીભ ઉપર ગરમગરમ ચાની ચૂસકી લેવાઈ જાય તો જીભ તરત દાઝી જાય છે. અચાનક અત્યંત તીખું મરચું દાંત કાપીને આપે અને જીભ ઉપર મુકાઈ જાય તો આપણી જીભ સળગી ઉઠે છે અને તેવા તીખા મરચાને થૂંકી કાઢે છે. દાંત તો ગમે તે વસ્તુ સ્વીકારે પરંતુ અયોગ્ય વસ્તુ કે વ્યક્તિને જીવનમાંથી બહાર મોકલી દેવાનું આપણને જીભ શીખવે છે. જે મિત્રો કે સ્વજનો ઈર્ષાળુ અને અભિમાની છે તેમનાથી દૂર રહેવાનું આપણને જીભ જ શીખવે છે.

મોડો પડયો છું માફ કર : પ્રિયતમ ન થઈ શક્યો :
મજબૂરીઓની મ્હેફિલે મક્કમ ન થઈ શક્યો..
તારે નયન નથી ને નથી જીભ પણ મને :
તારા ભવનને પીંજરે ટહુકો ન થઈ શક્યો.

- જગદીશ જોષી

જીભનો સૌથી અગત્યનો કોઈ નીજા ગુણ હોય તો તે દાંત જેવા અત્યંત ખરાબ સ્વભાવની વચ્ચે પણ પોતે નિર્લેપ રહે છે દાંતને તે સાચવે છે, દાંત જેવા અકડુ અને અભિમાની મિત્રોની વચ્ચે પણ આપણે જીભ જેવો સ્વભાવ રાખીએ તો મિત્રોની સંખ્યા વધારી શકીએ અને દુશ્મનો ઘટાડી શકીએ. આપણે જીભની જેમ નિરાભિમાની રહી દાંત જેવા અભિમાની વ્યક્તિઓની વચ્ચે પણ પોતાનું જીવન નિર્વિધ્ને પસાર કરવાનું છે. પ્રભુએ જીભને હાડકાં આપ્યાં નથી, પરંતુ માર્દવ અવાજ આપ્યો છે, જ્યારે દાંતને સખત, મજૂબત અને તૂટી જાય પરંતુ વળી શકે નહીં તેવો સ્વભાવ આપ્યો છે. આપણે જીભ અને દાંતના ઉદાહરણ દ્વારા તૂટી જવા કરતાં વળી જવું સારું, સૌના થઈને રહેવું, સૌને વફાદાર રહેવું અને જીભની જેમ નિષ્ઠાપૂર્વક જીવન વિતાવવું તેવો સંદેશ જીવનમાં ઉતારવા જેવો છે.